
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૭૩ | ૧૫ ડિસેમ્બર, ૨૦૨૨, ગુરૂવાર; માગશર વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# 'બાપા'માં સૌને પોતીકાપણું લાગ્યું છે : મોદી

**મને લાગે છે અહીં દિવ્યતાની અનુભૂતિ છે : શતાબ્દી મહોત્સવમાં ભારતના તમામ રંગ જોવા મળ્યા : આ મારુ સૌભાગ્ય છે કે આ ઐતિહાસિક કાર્યક્રમમાં સાક્ષી બનવાનો, સાથી બનવાનો અને સત્સંગી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયુ છે : મોદી**









અમદાવાદ, તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મ્હઁજી આયોજિત પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવના ઉદઘાટન પ્રસંગે અમદાવાદ એરપોર્ટથી પ્રમુખ સ્વામી નગર પહોંચ્યા હતા. શતાબ્દી મહોત્સવનો પ્રારંભ કરાવ્યા બાદ મહંત સ્વામી, પીએમ નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ દેવવ્રત આચાર્યએ પ્રમુખ સ્વામી મહારાજની મૂર્તિ તરફ પ્રયાણ કર્યું હતું. પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવનોૅસ્મોદીનો હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો, શાસ્ત્રોક્તવિધિથી વાતાવરણ ગૂંજ્યું હતું. વડાપ્રધાન મોદીએ પ્રમુખ સ્વામીની ચરણવંદના કરી હતી. ત્યારબાદ જંગી સભાને સંબોધન કર્યું હતું.

પીએમ મોદીએ કહ્યું કે, મારૂ સૌભાગ્ય કે ઐતિહાસીક કાર્યક્રમમાં સાથી સહભાગી અને સત્સંગી બનવાનો મોકો મળ્યો, મેં જેટલો સમય અહી વિતાવ્યો ત્યારે દિવ્યતાની અનુભુતી થઇ. અહી અબાલ, વૃદ્ધો, સૌ માટે વિરાસત ધરોહર પ્રકૃતિને પરિસરમાં આવરી લેવાઈ છે. ભારતના રંગ અહી જોવા મળે છે. આવનારી પેઢીને આ આયોજન પ્રેરણા આપશે.

પીએમ મોદીએ જણાવ્યું હતું કે, દુનિયાભરમાંથી લોકો મારા પિતા તુલ્ય પ્રમુખ સ્વામીને શ્રધ્ધાંજલી આપવા માટે આવશે. વસુધૈવ કુટુંબકમની ભાવના આ નગરમાં જોવાય છે. આપણા સંતોએ વિશ્વને જોડાવાનુ કર્યુ. બાળપણમાં જ્યારે દુરથી પ્રમુખ સ્વામીના દર્શન કરતા ત્યારે સારૂ લાગતુ. કલ્પના ન હતી કે રૂબરૂ મળવાનુ થશે..

પીએમ મોદીએ ઉમેર્યું કે, ૧૯૯૧માં પ્રથમ વાર મળવાનો અને સત્સંગ કરવાનો મોકો મળ્યો, જેમાં માત્ર સેવાની જ વાત કરી. પ્રમુખ સ્વામી વ્યકિતની ક્ષમતા પ્રમાણે સત્સંગ પ્રવચન આપતા. કલામ વૈદ્નાનિક હતા, તેમને પણ તેમની પાસેથી શીખવા મળતુ અને મારા જેવા સામૈજિક કાર્યકરને પણ શીખવા મળતુ.

પીએમ મોદીએ કહ્યું કે, ૨૦૦૨માં જ્યારે હુ પ્રથમ વાર

● અનુસંધાન પાન-૭ પર

## બિહારમાં નકલી દારૂ પીવાથી ૨૦થી વધુનાં મોત

**બિહારમાં બનાવટી દારૂના દુષણનો લોકો શિકાર : ખરાબ દારૂ પીવાથી મોત થયાનું કોઈએ નિવેદન આપ્યું નથી પરંતુ મૃતકોના પરિવારોએ દારૂ પીને આવ્યા બાદ આ લોકોની તબિયત બગડી હોવાનું જણાવ્યું**

પટના, તા.૧૪

બિહારના છાપરા જિલ્લાના મશરાખ, ઈસુપુર, અમનૌર અને



મધૌરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આજે કથિત રીતે જહેર બનાવટી નકલી દારુ પીવાથી અત્યાર સુધી ૨૦થી વધુ લોકોના મોત થયા છે. જિલ્લા અધિકારીએ કેટલાક લોકોના મોતની પુષ્ટિ કરી છે. હજુ સુધી કોઈપણ વ્યક્તિએ નિવેદન આપ્યુ નથી કે આ મોત ખરાબ દારુ પીવાથી થઈ છે. જો કે મૃતકોના પરીવારજનોએ કહ્યુ હતુ કે કેટલાક લોકો મોડી રાત્રે દારુ પીને આવ્યા હતા અને ધીરે ધીરે તેમની તબિયત બગડી હતી. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે અને આજે જાણકારી આપતા કહ્યુ હતુ કે કેટલાક લોકો સ્થાનિક દુકાનો પર મોળી રાત સુધી દારુ પીધો હતો અને ઘર જઈને તરત જ તે બીમાર પડ્યા હતા. આ મામલાની પોલીસ દ્રારા તપાર શરુ કરી દેવામાં આવે છે. સારણ જિલ્લાના અલગ-અલગ જિલ્લામાં ગત સોમવારે કેટલાક લોકોએ દારૂ પીધો હતો જ્યારે કેટલાક લોકોએ મંગળવારે રાત્રે દારૂ પીધો હતો. આ ઘટનામાં હાલમાં પાંચ લોકો હોસ્પિટલમાં છે જેમની સારવાર ચાલી રહી છે. મૃત્યુઆંક હજુ વધી શકે છે. હોસ્પિટલમાં મૃતકના સ્વજનોનો હોબાળો મચી ગયો છે. ઈસુઆપુરના દોયલા ગામમાં ગઈકાલે રાત્રે અડધો ડઝનથી વધુ લોકોની તબિયત અચાનક બગડ્યાની ચર્ચા છે.

જેપછી રાતથી સવાર સુધીમાં એક પછી એક ૧૪ લોકોના મોત થયા છે. સંબંધીઓનું કહેવું છે કે બધાએ ઝેરી દારૂ પીધો હતો, જ્યારે અમનૌરના હુસેપુરમાં કેટલાક લોકોના મોતના સમાચાર છે.

## વર્લ્ડ કપ બાદ લિયોનેલ મેસ્સી ફૂટબોલમાંથી નિવૃત્તી લેશે

**મેસ્સી છેલ્લી વખત પોતાના દેશ માટે રમતો જોવા મળશે**



દોહા, તા.૧૪

ફીફા વર્લ્ડકપની ફાઈનલમાં આર્જેન્ટિનાનો સામનો ફ્રાન્સ અથવા મોરોક્કોમાંથી થશે. આર્જેન્ટિનાની ફૂટબોલ ટીમના કેપ્ટન અને સ્ટાર ખેલાડી લિયોનેલ મેસીએ સ્પષ્ટ કર્યુ છે કે તે ૨૦૨૨ ફિફા વર્લ્ડ કપ બાદ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ લઈ લેશે. આ ફીફા વર્લ્ડકપની ફાઈનલ મેચમાં મેસ્સી છેલ્લી વખત પોતાના દેશ માટે રમતો જોવા મળશે. મેસ્સી પાસે આ મેચમાં પોતાની ટીમને ચેમ્પિયન બનાવીને વર્લ્ડકપ જીતવાની અને ગોલ્ડન બૂટ પોતાના નામે કરવાની છેલ્લી તક છે. આ મેચમાં મેસ્સી રોનાલ્ડોનો રેકોર્ડ તોડી શકે છે. આ વાતની લિયોનેલ મેસીએ પુષ્ટિ કરી છે કે તે આગામી ૧૮ ડિસેમ્બરે ફિફા વર્લ્ડકપ ૨૦૨૨ ફાઈનલ પછી નિવૃત્તિ લેશે. આર્જેન્ટિનાના કેપ્ટન મેસ્સીએ ક્રોએશિયા સામેની સેમી ફાઈનલ મેચમાં પેનલ્ટી પર ગોલ કરીને તેની ટીમને ફાઈનલમાં પહોંચવામાં મદદ કરી હતી. તેના સિવાય, જુલિયન અલ્વારેઝે બે ઉત્તમ ગોલ કર્યા કારણ કે આર્જેન્ટિનાએ ક્રોએશિયાને ૩-૦થી હરાવી ફાઈનલમાં પોતાનું સ્થાન નક્કી કર્યું. આ પછી મેસ્સીએ સ્પષ્ટ કર્યુ કે તે અંતિમ વખત પોતાના દેશ માટે ફાઈનલમાં રમશે.

## ઝારખંડ-પશ્ચિમ બંગાળમાં એક સાથે ૨૦થી વધુ સ્થળ પર દરોડા

**આવકવેરા વિભાગે બે રાજ્યોમાં મોટી કાર્યવાહી કરી : આવકવેરા વિભાગની ટીમે એક સાથે ગુણવંત સિંહ મોંગિયા અને બલવિંદર સિંહના સ્થળો પર દરોડા પાડ્યા**



નવી દિલ્હી, તા.૧૪

આવકવેરા વિભાગે બે રાજ્યોમાં મોટી કાર્યવાહી કરી છે. આઈટી વિભાગે ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં એક સાથે ૨૦થી વધુ સ્થળોએ દરોડા પાડ્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે મોંગિયા સ્ટીલ અને સલુજા સ્ટીલ કંપની સાથે સંકળાયેલા કેટલાક ડિરેક્ટરોના સ્થળો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. આવકવેરા વિભાગની કાર્યવાહીથી ખળભળાટ મચી ગયો છે. આવકવેરા સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું કે, ઝારખંડમાં રાંચી, ગિરિડીહ, દેવઘર અને અન્ય સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. તો બીજી તરફ આવકવેરા વિભાગની ટીમ પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં ચાર સ્થળોએ દરોડા પાડી રહી છે. પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં એક સાથે દરોડા પડતાં બધે હલચલ મચી ગઈ. છેલ્લા કેટલાક દિવસોથી આવકવેરા વિભાગની ટીમ દેશના ઘણા ભાગોમાં સતત દરોડા પાડી રહી છે.

મળતી માહિતી પ્રમાણે આવકવેરા વિભાગની ટીમે પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં એક સાથે દરોડા પાડવાનું શરૂ કર્યું. આઈટી વિભાગની ટીમે ૨૦થી વધુ સ્થળોએ દરોડા પાડ્યા છે. આવકવેરા વિભાગની ટીમ ગુણવંત સિંહ મોંગિયા અને બલવિંદર સિંહના સ્થળો પર દરોડા પાડી રહી છે. સ્ટીલ કંપનીઓ અને તેમના ડિરેક્ટર સહિત અન્ય અધિકારીઓ પર કરચોરીનો આરોપ છે. આરોપોની પ્રાથમિક તપાસ બાદ દરોડા પાડવામાં આવી રહ્યા છે.

## જથ્થાબંધ ફુગાવાના દરમાં આખરે ઘટાડો

**૨૧ મહિનાના સૌથી નીચા સ્તરે : ફુગાવામાં આવેલો ઘટાડો સામાન્ય માણસની સાથે-સાથે દેશના અર્થતંત્ર માટે પણ સારી ખબર તરીકે જોવાય છે**



નવી દિલ્હી, તા.૧૪

સીપીઆઈ એટલે કે ગ્રાહક પ્રાઈઝ ઈન્ડેક્સ રીટેલ ફુગાવા દર પછી હવે જથ્થાબંધ ફુગાવામાં ઘટાડો થયો છે.

ઓક્ટોબર મહિનાની સરખામણીએ નવેમ્બર મહિનામાં જથ્થાબંધ ફુગાવા દર ૮.૩૯ ટકાથી ઘટીને ૫.૮૫ ટકા પર આવી ગયો છે. ખાવા-પીવાની વસ્તુઓની સાથે-સાથે શાકભાજીની કિંમતમાં આવેલા ઘટાડાની અસર ફુગાવા પર પડી છે. અહેવાલ મુજબ, નવેમ્બર મહિનામાં જથ્થાબંધ ફુગાવાનો દર ઘટીને ૫.૮૫ ટકા પર આવી ગયો છે. જ્યારે, અર્થશાસ્ત્રીઓ પ્રમાણે તે ૬.૫ રહેવાનો અંદાજ હતો. નવેમ્બર મહિનામાં ઉઁ ૮.૩૯%થી ઘટીને ૫.૮૫% રહ્યો છે.

ખાદ્ય પદાર્થોનો જથ્થાબંધ ફુગાવા દર ૬.૪૮ ટકાથી ઘટીને ૨.૧૭ ટકા પર આવી ગયો છે. ફ્યૂલ એન્ડ પાવર મોંઘવારી દર ૨૩.૧૭ ટકાથી ઘટીને ૧૭.૩૫ ટકા પર આવી ગયો છે. શાકભાજીનો જથ્થાબંધ ફુગાવો ૧૭.૬૧ ટકાથી ઘટીને- ૨૦.૧ ટકા પર આવી ગયો છે.

સ્કપ્ન ઉત્પાદનોનો ફુગાવો ૪.૪૨ ટકાથી ઘટીને ૩.૫૯ ટકા રહ્યો છે. ૅદ્િફ્અિ છૌઁષ્ડ્રિજ નો ફુગાવો ૧૧ ટકાથી ઘટીને ૫.૫૨ ટકા પર આવી ગયો છે. જો કે, ડુંગળીના ફુગાવામાં સામાન્ય તેજી આવી છે. તે ૩૦.૦૨ ટકાથી વધીને -૧૯.૨ ટકા થઈ ગયો છે.

બટાકાનો જથ્થાબંધ ફુગાવો ૪૪.૯૭ટકાથી ઘટીને ૧૩.૭૫ ટકા પર આવી ગયો છે. ઈંડા, માસનો જથ્થાબંધ ફુગાવો ૩.૯૭ ટકાથી ઘટીને ૨.૨૭ ટકા પર આવી ગયો છે. ફુગાવામાં આવેલો ઘટાડો સામાન્ય માણસની સાથે-સાથે દેશના અર્થતંત્ર માટે પણ સારી ખબર છે. કારણ કે, આરબીઆઈ તરફથી વ્યાજ દરની સંભાવના પણ ઓછી થઈ જશે. એવામાં આવનારા દિવસોમાં ઈએમઆઈનો દબાવ હજુ પણ ન વધે તો સામાન્ય માણસને મોટી રાહત મળશે.

